# ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૩૭(૧) હેઠળનુ જાહેરનામુ

નંબર. ફજદ/વશી.૮૮૧૨-૯૯ ૩૬/૨૦૨૦

તા.૦૫/૧૦/૨૦૨૦

ભારત નિર્વાચન આયોગ દ્વારા ૧૭૩-ડાંગ(અ.જ.જા) વિધાનસભાની પેટા ચૂંટણી-૨૦૨૦નો કાર્યક્રમ જાહેર કરેલ છે. તે મુજબ અત્રેના જિલ્લામાં મતદાન તા.૦૩/૧૧/૨૦૨૦ ના રોજ રાખવામાં આવેલ છે. આ ચૂંટણીના ઉમેદવારો અને રાજકીય પક્ષો તરફથી ચૂંટણી પ્રચાર માટે વાહનોનો બહોળો ઉપયોગ થનાર છે. જે પ્રચાર સમયે ઘણા પ્રસંગોએ અસામાજિક તત્વો જાહેરમાં મતદારોના મનમાં કોઇ ઉમેદવારના પક્ષમાં મત આપવા ભય ફેલાવે તેવી શક્યતા છે. વધુમાં આવા વાહનો દ્વારા ઘણીવાર ગેરકાયદેસર હથિયાર અને દારૂગોળા આયાત કરી ચૂંટણી પ્રક્રિયાને ખલેલ પહોંચાડે તેવી પણ શક્યતા છે. આ ઉપરાંત ચૂંટણી પ્રચાર ટ્રાફીકને અવરોધરૂપ બને નહી તે પણ જોવુ જરૂરી છે. આ અંગે ભારતીય ચૂંટણી પંચના પત્ર ક્રમાંક:૪૩૭/૬/૦૬-પીએલએન/૩, તા.૨૩/૧૧/૨૦૦૭ ની સુચના અનુસાર વાહનો ઉપર નિયંત્રણ મુકવુ જરૂરી હોઇ ભારતીય ચૂંટણી પંચ તરફથી અમુક પ્રતિબંધ ફરમાવેલ છે.

વાસ્તે હું ટી.કે.ડામોર(જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૩ તથા ગુજરત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૩૭(૧) મુજબ મને મળેલ સત્તાની રૂએ ડાંગ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં

૧. કોઇપણ રાજકીય પક્ષો કે ઉમેદવાર કે તેના ચૂંટણી એજન્ટ કે કાર્યકર દ્વારા ચૂંટણી પ્રચાર માટે પરવાનગી મેળવી માત્ર બે ચક્રીય/ત્રણ ચક્રીય/ચાર ચક્રીય વાહનોનો ઉપયોગ કરી શકાશે.

૨. રોડ શો દરમ્યાન સુરક્ષા વાહનો(જો કોઇ હોય તો) ને બાદ કરતા દર ૫ (પાંચ) વાહનો પછે કાફલો છુટો પાડવાનો રહેશે. વાહનોના કાફલાના બે સેટ વચ્ચે અડધા કલાકનો સમયગાળો રાખવાનો રહેશે.

**અપવાદ**

જે રાજકીય નેતાઓને લોક પ્રતિનિધિત્વ ધારા-૧૯૫૧ ની કલમ-૭૭(૧) હેઠળ મુક્તિ મળેલ હોય તેઓને આ પ્રતિબંધ લાગુ પડશે નહી.

"વાહનો" માં ટ્રક, ટેમ્પો, કાર, ટેક્ષી, વાન, ત્રણ પૈડાવાળા વાહનો, સ્કુટરો, રીક્ષા, મીની બસ, ટ્રેલર કે તે વિનાનુ ટ્રેક્ટર, સ્ટેશન વેગન તેમજ યાંત્રિક શક્તિથી ચાલતા અન્ય વાહનોનો સમાવેશ થશે.

આ હુકમનુ ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ તથા લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૩ હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી થઈ શકશે.

અગાઉ તા.૦૫/૧૦/૨૦૨૦ ના રોજ ક્રમાંક: ફ્જદ/વશી૮૬૮૭-૮૭૧૧/૨૦૨૦ થી પ્રસિધ્ધ કરવામા આવેલ જાહેરનામુ રદ કરેલ ગણવાનુ રહેશે.

આ હુકમ જાહેરનામાની તારીખથી તા.૧૨/૧૧/૨૦૨૦ સુધી અમલમાં રહેશે.

આજ તા.૦૭/૧૦/૨૦૨૦ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપી છે.

(ટી.કે.ડામોર)
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
ડાંગ-આહવા

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
સત્યમેવ જયતે
ડાંગ-આહવા

પ્રતિ,

મેનેજરશ્રી,

છાપકામ અને લેખન સામગ્રી, વડોદરા

૨/- ઉકત જાહેરનામું આવતા રાજયપત્રકમાં પ્રસિધ્ધ કરી તેની નકલો અત્રે તાકીદે મોકલવા વિનંતી છે.

**નકલ સવિનય રવાના::**

૧. નાયબ સચિવશ્રી, ગૃહ વિભાગ, બ્લોક નં.૨, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર.

૨. ખાસ મુખ્ય પોલીસ અધિકારીશ્રી, સુરત, રેન્જ જી.સુરત.

૩. જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, આહવા જી.ડાંગ.

૪. અધિક નિર્વાચન અધિકારી અને સચિવશ્રી, સા.વ.વિ., સચિવાલય, ગાંધીનગર

**નકલ જય ભારતસહ રવાના:-**

૧. જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ-આહવા તરફ: બહોળી પ્રસિધ્ધિ સારૂ તથા જરૂરી કાર્યવાહી થવા સારૂ.

૨. પ્રિન્સીપાલ એન્ડ સીવીલ જજશ્રી, સેશન્સ કોર્ટ, આહવા જી.ડાંગ.

૩. જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટશ્રી (ફ.ક.), આહવા/વઘઇ/સુબીર જી.ડાંગ.

૪. સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી, આહવા જી.ડાંગ તરફ.

૫. મદદનીશ પોલીસ અધિક્ષકશ્રી, આહવા જી.ડાંગ.

૬. નોડલ અધિકારી ખર્ચ નિયંત્રણ સેલ.................

૭. નોડલ અધિકારીશ્રી આચારસંહિતા..................

**નકલ રવાના:-**

૧. એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, આહવા /વઘઇ/સુબીર જી.ડાંગ.

૨. પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી, આહવા/વઘઈ/સુબીર/સાપુતારા જી.ડાંગ.

૩. ચીફ ઓફીસરશ્રી, નોટીફાઈડ એરીયા કચેરી, સાપુતારા જી.ડાંગ.

૪. ચૂંટણી શાખા તરફ: જાણ તથા જરૂરી અમલવારી સારૂ.

<u>**નકલ વધારાની પાંચ નકલો સહિત રવાના:-**</u>

માહિતી નિયામકશ્રી, આહવા ડાંગ તરફ:

૨/- ઉકત જાહેરનામું આઈટમ ઓફ ન્યૂઝ તરીકે વર્તમાનપત્રમાં વિના મૂલ્યે લોકોની જાણ માટે પ્રસિધ્ધ કરવા સારૂ.

<u>**નકલ**</u>: કચેરીના નોટીસ બોર્ડ ઉપર